# પર્યાવરણ સંત્રી

વર્ષ : ૧ અંક : ૨ તા : ૨૫/૧૨/૯૯ દ્વિમાસિક



વર્ષ : ૧ અંક : ૨ તા. ૨૫-૧૨-૯૯ કુલ પાના : ૧૨

આ અંકમાં.....


| ક્રમ | | પાનાં નં. |
|---|---|---|
| ૧. | સૌથી જરૂરી સભાનતા | ૦૩ |
| ૨. | દોડે છે પ્રવાસન : હાંફે છે પ્રકૃતિ | ૦૫ |
| ૩. | જંગલને જીવતું કરતા જાદુગર : નટુભા જેઠવા | ૦૭ |
| ૪. | વણખેડાયેલું ક્ષેત્ર : પર્યાવરણલક્ષી પર્યટન | ૦૯ |
| ૫. | આપણી આસપાસ પર્યાવરણલક્ષી ખાસ ખાસ | ૧૧ |
| ૬. | કાવ્યમાં કુદરત | ૧૨ |



તંત્રી : શ્રી યાત્રી બક્ષી

માનદ્ સલાહકાર : શ્રી પ્રણવ ત્રિવેદી

આવરણ : શ્રી સુનીલ ગુમે

ટાઈપ-સેટીંગ : શ્રી સંજય પટેલ

વહીવટી સહયોગ : શ્રી મોના પાર્થિવ બક્ષી

શ્રી રૂપા પરીખ

છૂટક કિંમત : રૂ. ૫/-


વાર્ષિક લવાજમ : રૂ. ૪૦/-



સંપર્ક સ્થળ :

૩૩, નિહારીકા બંગલોઝ,
હિંમતલાલ પાર્ક, આંબાવાડી,
અમદાવાદ-૧૫.


**શુભેચ્છા ફાળો આવકાર્ય છે.**



# સૌથી જરૂરી સભાનતા

- શ્રી લવકુમાર ખાચર

(જાણીતા પ્રકૃતિવિદ્‌ અને અગ્રણી પર્યાવરણશિક્ષણવિદ્‌)

**મા**રી આ લેખમાળામાં જે કંઈ વિચારો હું રજૂ કરીશ એ તમને વ્યક્તિગત લાગશે. પરંતુ પર્યાવરણ સંબંધી સમસ્યાઓને આપણે જ્યાં સુધી વ્યક્તિગત સમસ્યા તરીકે માનતા નહીં થઈએ ત્યાં સુધી આપણે નિરાકરણ માટે નક્કર પગલાં લેવા પ્રેરણા પૂરી પાડી શકીશું નહીં તથા તેના માટેની આપણી જાણકારી પણ ભૂલભરેલી હશે. બીજાઓએ શું કરવું જોઈએ એ જણાવવાને બદલે સાચો અભિગમ તો એ છે કે તમે પોતે શું કરવાનું શરૂ કરી શકો તે જોવું. પોતાની જાતને એમ પૂછવાનું શરૂ કરો કે 'હું શું કરી શકું' કે 'મારે શું કરવું જોઈએ' વગેરે. વીજળીનો વ્યય થતો અટકાવવો, કે નકામું વહી જતું પાણી બંધ કરવું જેવી અનેક બાબતોની આપણે યાદી જ બનાવી દઈએ તો ?

> પર્યાવરણ સંબંધી સમસ્યાઓને જ્યાં સુધી આપણે વ્યક્તિગત સમસ્યા માનતા નહિ થઈએ ત્યાં સુધી આપણે ક્યારેય તેના નિરાકરણ માટે નક્કર પગલાં લેવાની પ્રેરણા પુરી પાડી શકીશું નહિ તથા તેના નિરાકરણ માટેની આપણી જાણકારી પણ ભૂલભરેલી જ હશે.

જો બીજાના વાહનો ધુમાડો પેદા કરે છે તો, તમારૂં વાહન જ બરાબર ચાલે છે કે નહિ તે તપાસીને શરૂઆત કેમ ન કરો ? આપણામાંના ઘણા સગવડોનો બહુ બેદરકારીથી ઉપયોગ કરતા હોય છે અને પાછી આપણે એવી અપેક્ષા પણ રાખીએ છીએ કે આ સગવડ પૂરી પાડનારાઓ આપણા માટે જ હાજર છે. દાખલા તરીકે, સખત તાણ હેઠળ કામ કરતા બસ કંડકટરને જોઈ હું આશ્ચર્ય અનુભવું છું અને એ જોઈ થયેલા આદરથી પ્રેરાઈ હંમેશા ભાડાના બરાબર પૈસા સાથે રાખું છું. આપણા ટપાલીભાઈઓની અદ્‌ભુત સેવાથી તમે ક્યારેય પ્રભાવિત થયા છો ખરા ?

તમને થશે આ ટપાલી અને બસ કંડક્ટરને પર્યાવરણ સાથે શું મતલબ ? ખરેખર ખૂબ જ. જો તમે તમારા સાથી લોકો પ્રત્યે જ સંવેદનશીલ નહીં હો કે જેઓ મહત્ત્વની સેવાઓ પુરી પાડી રહ્યા છે, તો કદાચ તમે બીજાને વિક્ષિપ્ત કરતા અવાજો કરો છો, ગમે ત્યાં કચરો ફેંકો છો કે જાહેર બગીચામાં 'લૉન્સ' કે ફુલોની ક્યારીઓમાંથી ચાલીને ટૂંકો રસ્તો બનાવી દો છો તેવાં તમારા કૃત્યો પ્રત્યે સંવેદનશીલતા ક્યાંથી ધરાવશો ?

બસ કંડક્ટર અને ટપાલીઓ આપણું જીવન જ સરળ બનાવવા કામ કરી રહ્યા છે. સ્વચ્છ રસ્તાઓ અને જાહેર સ્થળો આપણા ઉપયોગ માટે છે તથા જાહેર બગીચાઓ આપણાં જ આનંદ અને આરામનાં સ્થળો છે. આ સઘળું પર્યાવરણનો ભાગ જ તો છે ! આ સઘળું એકબીજાથી અલગ કઈ રીતે હોઈ શકે ?

આ લેખમાળા દ્વારા દરેક વ્યક્તિનું પર્યાવરણમાં કેન્દ્રનું સ્થાન હોવા બાબતે સભાનતા કેળવવાનો આપણે સૌ પ્રયત્ન કરીશું. આમાં તમને સ્વાર્થી હોવાનો કે સ્વકેન્દ્રી હોવાનો સૂર સંભળાઈ રહ્યો છે ! જો તેમ હોય તો ખરેખર ચિંતા જેવું નથી, કારણ કે આપણી જિંદગીમાં સુંદરતા, આનંદ, ઉત્સાહ અને ક્રિયાશીલતા હોવાની ઈચ્છા જ મને-તમને સૌને નક્કર કાર્ય કરવા માટે સક્રિય બનાવશે. પક્ષીઓથી ઘેરાયેલું રહેવું મને ગમે છે, આથી જ હું વૃક્ષો અને છોડવાઓ ઉછેરું છું અને તેમના માટે ચણ પણ બહાર મૂકું છું. મારા બાગમાં ફૂલો મને જોઈએ જ, માટે જ બીજાના બાગનાં ફૂલોને વખાણવાની સાથે સાથે મારા બાગમાં તે ફૂલો ઉગાડું છું. જ્યારે મારા પડોશી કોઈ છોડ કે તેની ડાળખી માગે છે ત્યારે તે આપવા હું હંમેશા તૈયાર રહું છું. આમ, બીજાનો વિચાર કરવામાં અને મદદરૂપ થવામાં ખરેખર સ્વાર્થ જ રહેલો છે. જેમકે હવે, બસ કંડક્ટર ઘણીવાર મારા માટે બસ ઊભી રાખે છે અને એક બે વાર તો જ્યારે હું ઘેરથી પૈસા જ લેવાનું ભૂલી ગયેલો ત્યારે મને ઉધાર રાખીને ટીકીટ આપેલી ! અત્યારે બેટ દ્વારકાના 'સુંદરવન'માં મૂળ ફેલાવી રહેલાં ઘણાં 'કેકટાઈ' ખરેખર તો ઘણાં વર્ષો

પહેલાં સ્વ. રૂબિન ડેવિડે મને 'કટિંગ' કરી આપેલાં, અને એ જ રીતે મનાલી (હિમાલય) ખાતેના મારા બાગના સુંદર ગુલાબો અને લીલી મારા દિલ્હીના મિત્રોએ જ ભેટ આપેલાં !

ખરેખર, મને સૌથી મોટી ભેટ તો પ્રકૃતિ વિશેના મારા જ્ઞાનનો વધુમાં વધુ લાભ લેવા મારી પાસે તેમના બાળકોને દર વર્ષે મોકલી રહેલાં માતા-પિતા આપી રહ્યા છે. ઈ.સ. ૧૯૯૫ના જૂન માસમાં ખરાબ હવામાન છતાં ૪૫ કિશોર-કિશોરીઓ ૧૪,૨૦૦ ફીટ ઊંચા ભૃગુ સરોવર સ્થળે પહોંચ્યા. શિક્ષકે મને સંદેશો મોકલ્યો "અમારી જિંદગીના આ સૌથી યાદગાર દિન માટે અમે હંમેશા તમારા આભારી રહીશું !" ચોક્કસ, મેં ત્યારે ધન્યતા અનુભવી ! સદ્દભાગ્યે વર્ષો પહેલાં જ મને એક જબરજસ્ત સચ્ચાઈનું ભાન થયેલું કે પ્રત્યેક બાળક, યુવાન કે વ્યક્તિમાં ગજબની પ્રતિકારશક્તિ રહેલી છે... અમર્યાદ સંભાવનાઓ રહેલી છે કારણ કે તેની મૂળ વાસ્તવિકતા એ છે કે કરોડો વર્ષો પહેલા જ્યારે સૃષ્ટિનો જન્મ થયો ત્યારે શક્તિના પ્રચંડ વેગથી છૂટા પડેલા તત્ત્વોના આપણે સૌ સીધા અંશ છીએ.

ટૂંકમાં આપણાંમાંના દરેક અત્યંત અદ્વિતીય છે, એટલું નહિ જિંદગીના તમામ સ્વરૂપો અદ્વિતીય છે - મસ મોટા વૃક્ષો, રંગબેરંગી ફૂલો, જાજરમાન પ્રાણીઓ જેવાં કે સિંહ-વાઘ, સુંદર પક્ષીઓ, વિશાળ વ્હેલ વગેરે. આ બધાં વિના દુનિયા કેવી લાગે ? જો જીવનમાંથી ચેતના, વિવિધતા અને જોમ જ ગુમાવી દઈએ તો મારૂં, તમારૂં સૌનું જીવન વેરાન થઈ જશે. આ સભાનતા આપણે જે કંઈ કરીએ તે તમામમાં કેન્દ્રવર્તી બને તે જરૂરી છે. આથી જ પર્યાવરણ દ્વારા મળતા સુંદર વૈવિધ્યને જાળવી રાખવા હું તમે આપણે સૌ પર્યાવરણના મુદ્દાને વ્યક્તિગત જવાબદારી માનીને જીંદગીના સૌથી ભવ્ય સાહસ માટે હાથમાં હાથ મિલાવી સભાન થઈએ... જાગૃત બનીએ.

**સૌજન્ય : સુંદરવન, પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર, અમદાવાદ.**

---

(પાના નં. ૬નું ચાલું)

વાઈલ્ડ લાઈફ પ્રીઝર્વેશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલી સંસ્થાઓએ વધુમાં વધુ સરળ છતાં અસરકારક તથા દૃઢ રીતે નળસરોવર અને તેમાં દર વર્ષે લાખ્ખોની સંખ્યામાં હજારો માઈલની સફર ખેડીને આવતાં આપણાં પાંખાળા મહેમાનો વિશે લોકોને માહિતગાર કરવાના અને નળસરોવરને એક 'ટુરિસ્ટ સ્પોટ' તરીકે નહિ પરંતુ અભ્યારણ્ય તરીકે વિકસાવવા માટેના પ્રયાસો કરવા જોઈએ.

આ પ્રયાસના ભાગ રૂપે નૌકાવિહાર માટે વપરાતી હોડીઓમાં જ કચરાપેટી મુકવામાં આવે તો પર્યટકો તેમાં જ કચરો નાંખી શકે. ઉપરાંત પર્યટકોને નળસરોવરના પર્યાવરણ બાબતે સંવેદનશીલ બનાવવા ફિલ્મ માધ્યમનો ઉપયોગ અત્યંત અસરકારક નીવડી શકે. પર્યટકોને સરોવરમાં પ્રવેશે તે પહેલાં જ ફિલ્મ દર્શાવી જે પક્ષીઓ નરી આંખે જોવા ન મળે તે બતાવી પણ શકાય અને ત્યાંના પર્યાવરણને હાનિ ન પહોંચે તે માટે ક્યા પ્રકારની તકેદારી જરૂરી છે તે પણ સમજાવી શકાય. પર્યટકો જ નહીં પર્યટનધામોં પર કાયમી વસતા સ્થાનિક લોકોને માહિતગાર કરવા પણ એટલા જ જરૂરી છે. આખરે આવા સ્થળોએ સ્થાનિક લોકો માટે તો પ્રકૃતિ એ પેટીયું રળવાનું સાધન હોય છે. માત્ર થોડા દિવસની મુલાકાત લેવા આવનાર પર્યટકો કરતાં તેઓ એ સ્થળ સાથે વધુ લાગણીથી જોડાયેલા હોય છે. એથી જો તેમને પર્યાવરણ જાળવણી અને તેના ફાયદાઓ અંગે માહિતગાર કરાય તો અસરકારક પરિણામ આવી શકે.


આમ જો પર્યટકો સાથેનો સંવાદ સ્થળ ઉપર જ શરૂ કરાય તો ચોક્કસપણે આપણા અભ્યારણ્યોને અનુકૂળ એવી પ્રવાસન પ્રવૃત્તિની પ્રક્રિયા શરૂ થઈ શકે. ★

## પ્લાસ્ટીક અંગે પ્રતિભાવ

પર્યાવરણ સંત્રીના પ્રથમ અંકમાં પ્લાસ્ટીક વિશે જાણકારી મેળવી અમદાવાદના શ્રીમતી નિયન્તિકાબેન વૈદ્ય લખી જણાવે છે કે : ઈ.સ. ૧૯૭૧-૭૨માં મારા લગ્ન થયા. મારા સસરાજીએ મને પ્લાસ્ટીકની બરણીમાં મરચાં પાવડર ભરવા કહ્યું. ત્યારબાદ અઠવાડિયે એ પાવડર વાપરવા કાઢવા કહ્યું. મેં જોયું કે પાવડર સાવ ખોરો થઈ ગયો હતો. 'પર્યાવરણ સંત્રી'માં જણાવાયું છે તે સાવ સાચું છે. તેઓ ખ્યાતિ પ્રાપ્ત વૈદ્યરાજ હતા. પ્લાસ્ટીકના વિરોધમાં કહેતા કે કોઈપણ ઔષધ કે ખાદ્ય પદાર્થ પ્લાસ્ટીકના સંપર્કમાં આવતાં તેનો ગુણ ખોઈ બેસે છે.પ્લાસ્ટીકનો ઉપયોગ સદંતર બંધ કરવો આપણા સૌ માટે હિતાવહ છે તેની શરૂઆત પ્લાસ્ટીક બેગનો ઉપયોગ છોડીને કરી શકાય.

# દોડે છે પ્રવાસન : હાંફે છે પ્રકૃતિ


**૨૧મી** સદીનાં પ્રથમ દિનનું પ્રથમ સૂર્યકિરણ જોવા વિશ્વભરમાંથી લાખો લોકો દૂર દૂરનાં સ્થળોએ પહોંચી ગયા છે. લગભગ ત્રણ મહિના સુધી લોકો ૨૧મી સદીનું સ્વાગત ખૂબ ધામધૂમથી ઉજવશે અને માઈલોની



સફર ખેડી મનપસંદ સ્થળોની મુલાકાત લેશે. એક અંદાજ મુજબ ૨૦મી સદીના અંતની ઉજવણીથી શરૂ થયેલું આ પ્રવાસન ૨૧મી સદીને 'ગોલ્ડન એજ ઓફ ટુરીઝમ' તરીકે ઓળખાવશે. જો કે આ પ્રવાસન શબ્દ આજથી ૨૦ વર્ષ પહેલાં પ્રચલિત નહોતો. ભારતમાં લોકો જાત્રાના નામે અનેક તીર્થધામોની મુલાકાત લેતાં. આમ, પ્રવાસન પરંપરાગત હોય કે બિન પરંપરાગત, પ્રવાસીઓ દેશનાં હોય કે વિદેશના તેમના મુસાફરીની મંઝિલ કુદરતના અપાર સૌંદર્યમાં સમાયેલાં સ્થળો જ રહેતી. આ પ્રવાસનમાં જો કોઈ સામાન્ય રહે તો તે પ્રકૃતિ. છેલ્લા વીસેક વર્ષમાં પ્રવાસનને ઉદ્યોગ તરીકે વિચારી વિક્સાવી તેમાંથી નાણાં મેળવવાના પ્રયાસે આ પ્રકૃતિને માણવાની સભાનતા લોકોમાં જરૂર જન્માવી પરંતુ, આયોજન અને અભ્યાસના અભાવને કારણે પ્રવાસનને ઉત્તેજન આપતાં પ્રકૃત્તિનું બેફામ શોષણ કરાયું. પ્રવાસીઓ આકર્ષવા પ્રકૃતિના વૈભવનો તો જરૂર જોરશોરથી પ્રચાર કરાયો પરંતુ પ્રાકૃતિક સ્થળોની જાળવાની, સુવિધાઓ, આયોજન અને દીર્ઘદૃષ્ટિના અભાવે સોનાનું ઈંડુ આપતી મરઘીનું જ ગળું દાબ્યા જેવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે. એક સમયે ધરતીનાં સ્વર્ગ તરીકે ઓળખાતાં કાશ્મીરનાં દાલ સરોવરનો કુલ વિસ્તાર ૨૫ ચો.કી.મી. હતો જે આજે જાળવણીના અભાવે ઘટીને માત્ર ૧૦ ચો.કી.મી. રહી ગયો છે.

માત્ર આવા જ સ્થળો નહિ, માનવજાત સિવાયનાં પૃથ્વી પરનાં રહેવાસી વન્ય જીવોના સંવર્ધન- સંરક્ષણ માટે જાહેર કરાયેલા અભ્યારણ્યોની પણ આજ હાલત છે. આપણા રાજ્યના મુખ્ય શહેર અમદાવાદથી માત્ર ૫૦ કીલોમીટરના અંતરે આવેલા પક્ષી અભ્યારણ્ય નળસરોવરનો જ દાખલો લઈએ. અમદાવાદથી નજીક હોઈ પર્યટકોને આ સ્થળની મુલાકાત લેવી ખૂબજ સુગમ પડે છે.

ભારતનાં જગપ્રસિદ્ધ 'જળપ્લાવીત ક્ષેત્ર' (વેટલેન્ડસ) જેને પક્ષી અભ્યારણ જાહેર કરવામાં આવ્યાં છે, તેમાં ઓરિસ્સાનું ચિલ્કા સરોવર, રાજસ્થાનના ભરતપુરનું કેવળદેવ ધના સરોવર અને ગુજરાતના આ નળસરોવરનો સમાવેશ થાય છે. ચિલ્કા અને કેવળદેવ સરોવરોને આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત થઈ છે. પરંતુ પંખીઓ માટે તો ત્રણેય સરખાં છે કારણ કે ભરતપુર પંખીઓની વિવિધતા માટે પ્રથમ ક્રમે છે. ચિલ્કા પંખીઓની સંખ્યાના પ્રમાણને કારણે પ્રથમ ક્રમે અને નળસરોવર તેના વિસ્તાર એટલે કે કુલ ક્ષેત્રફળની દૃષ્ટિએ પ્રથમ ક્રમે છે. આ જ વિશાળ નળસરોવર પંખીઓની સંખ્યાની દૃષ્ટિએ ચિલ્કા બાદ દ્વિતીય ક્રમે આવે છે. પરંતુ ૧૧૫ ચોરસ કિલોમીટરનું વિશાલ ક્ષેત્રફલક ધરાવતા આ નળસરોવરને જો વ્યવસ્થિત રીતે વિકસીત કરવામાં આવે અને સાચા અર્થમાં સુરક્ષિત કરવાંમાં આવે તો તે ભારતમાં પંખીઓની વિવિધતાની દૃષ્ટિએ પણ એક સમૃદ્ધ અને નોંધનીય પક્ષી અભ્યારણ્ય



તરીકે વિકસી શકે તેમ છે.

ભૌગોલિક દૃષ્ટિએ પણ નળસરોવરનું સ્થાન બહુ

અગત્યનું છે. ખંભાતના અખાતના ઉત્તર છેડે આવેલા આ નળસરોવરમાં પરદેશી પંખીઓ ચોમાસું ઊતરતાં એટલે કે સપ્ટે.-ઓક્ટો. માસથી જ ઈરાન, અફઘાનિસ્તાન વીંધી પાકિસ્તાનથી કચ્છમાં થઈ અહીં આવે છે અને દક્ષિણ ભારત તરફ જાય છે અને પાછા વળતા સમયે પણ અહીંથી જ જતાં હોવાથી શિયાળાના અંતિમ દિવસો એટલે કે માર્ચ મહિના સુધી આ સરોવરમાં પંખીઓ જોવા મળે છે. આમ, નળસરોવર લગભગ છ માસ સુધી પંખીઓથી જાગતું રહે છે. વળી, અહીંનું પાણી ખારાશવાળું હોવાથી વિપુલ પ્રમાણમાં માછલી અને જીવજંતુઓ થાય છે. જેથી પક્ષીઓને પૂરતા પ્રમાણમાં ખોરાક પણ મળી રહે છે અને સરોવર પ્રવાસની મુખ્ય મોસમ શિયાળામાં સુંદર પર્યટન સ્થળ સાબિત થાય છે.

આથી પંખીઓ અને અહીંના પર્યાવરણને સૌથી મોટો ભય આ કુદરતી અગવડોની નહિ પરંતુ માનવજાતનો જ છે. વન વિભાગના અંદાજ મુજબ દર વર્ષે આશરે ૧ લાખથી વધારે સહેલાણીઓ નળસરોવરની મુલાકાતે આવે છે. આ સહેલાણીઓ માટે દોઢસો જેટલી ખાસ હોડીઓ તહેનાત કરવામાં આવે છે. આ પર્યટકો નળસરોવરની સહેલગાહે આવે છે ત્યારે આખાયે નળસરોવરમાં દિવસ-રાત નૌકાવિહારનો આનંદ માણે છે અને પાછા ચાલ્યા જાય છે. તેઓને પક્ષીઓનું નિરીક્ષણ કરવામાં કે નળસરોવરનાં પંખીઓની વિવિધતામાં કોઈ રસ હોતો નથી. એમના દ્વારા નૌકાવિહાર દરમિયાન થતો ઘોંઘાટ અને કચરો નળસરોવરને પ્રદૂષિત અને તેમાં ઠરીઠામ થયેલાં પંખીઓને વિચલિત કરી નાંખે છે. આથી પંખીઓ વારંવાર પોતાનું સ્થાન બદલે છે. આ ઉપરાંત સમગ્ર સરોવરમાં કુલ ૩૬૦ જેટલા નાના-મોટા ટાપુઓ આવેલા છે.જેમાંના ઘણાખરા તો ઢંકાઈ જાય છે પરંતુ કેટલાક મોટા ટાપુઓ ઉપર આસપાસના ગામના લોકો આ પર્યટનની મોસમ દરમિયાન પડાવ નાંખે છે. આથી પંખીઓના રાત્રિ રોકાણ માટે કુદરતી રીતે જ આદર્શ એવા આ ટાપુઓ ઉપર પણ હવે વિક્ષેપ ઊભો થવા માંડયો છે. વળી, સ્થાનિક લોકો તો નળસરોવર ભરાતાં તેનો જળમાર્ગ તરીકે ઉપયોગ કરી હોડી દ્વારા એક ગામથી બીજે ગામ જાય છે. જેથી આખુંયે નળસરોવર ખુંદાઈ જાય છે. આટલું પૂરતું ન હોય તેમ તેઓ પંખીઓનું મારણ પણ કરે છે. આ ઉપરાંત નળસરોવરની આસપાસમાં વસતા લોકોનો મુખ્ય વ્યવસાય પશુપાલન અને ખેતીનો છે. આથી, તેઓ નળસરોવરનું પાણી ઈલેક્ટ્રીક પંપની મદદથી પોતાનાં ખેતરો તરફ વાળી દે છે. આના કારણે પાણીનું પ્રમાણ ઘટતું રહે છે અને પંપના અવાજને કારણે આખુંયે શાંત વાતાવરણ ઘોંઘાટમય થઈ જાય છે. અભ્યારણ્યની સીમામાં જ નિર્ભિક રીતે સ્થાનિક લોકો નળસરોવર અને નળસરોવરનાં પ્રવાસી પંખીઓનું ધીમું છતાં સતત મારણ પણ કરતા હોય છે.

આ સ્થાનિક લોકો દ્વારા થતો દુરુપયોગ ઓછો હોય તેમ અહીં પર્યટન માટે આવતા લોકો પણ તેમની થોડા સમયની મુલાકાત દરમિયાન પ્રદૂષણ ફેલાવવામાં મદદરૂપ થતા જાય છે. અહીં સરોવરના પટમાં ઘોડા ખેલવવા, પક્ષીઓને ઉડાડવાં તે ઉપરાંત ખાણી-પીણી માટે સાથે લાવેલ પ્લાસ્ટિક બેગ્સ અને વધેલા કચરાને સરોવરમાં ઠાલવવા જેવી પ્રવૃત્તિ તેઓ ખૂબ જ સાહજીકપણે કરતા હોય છે. આ માટે નળસરોવર ઉપર પર્યટકોને રોકનાર કે ટોકનાર કોઈ નથી. પર્યટકોના આવવાથી નળસરોવર વિશે વધુ લોકો જાણે અને વધુમાં વધુ લોકો પોતાને કુદરતે આપેલી ભેટને માણે તે ઈચ્છવા જોગ છે, પરંતુ આ પર્યટકોને પક્ષીઅભયારણ્ય અને તેના પર્યાવરણના સંતુલન વિશે વધુ માહિતગાર અને શિક્ષિત કરવા ખૂબ મહત્ત્વનું છે. નળસરોવરમાં પર્યટકોને માટે પૂરતી સુવિધા નથી એ ખ્યાલમાં આવતા હવે હોટલ ઈન્ડસ્ટ્રીમાં રસ ધરાવતા લોકોએ અહીં રીસોર્ટસ બાંધવાનું પણ શરૂ કર્યું છે. આથી, પર્યટકોની સુવિધા તો વધશે, પરંતુ પંખીઓની સુવિધામાં ચોક્કસ ધરખમ ઘટાડો થશે. કારણ કે આ રીસોર્ટસ ઊભા કરનારાઓને નળસરોવરના પર્યાવરણીય વિકાસમાં નહિ માત્ર પોતાના ધંધાકીય વિકાસમાં રસ હોય તે સ્વાભાવિક છે. આથી, તેઓ વધારે પ્રમાણમાં લોકોને આકર્ષીને, તેઓને પર્યાવરણ અને પંખીઓ વિશે માહિતગાર કરવાનું કાર્ય કરે તેવી આશા રાખવી પણ મૂર્ખામી કહેવાય. તેઓ તો પર્યટકોને આકર્ષવા અહીં સ્થાનિક અને પ્રવાસી સહિત કુલ ૧૬૦ જેટલી જાતનાં પંખીઓ જોવા મળે છે એવી માહિતી ચોક્કસ આપશે, પરંતુ આ ૧૬૦ જાતનાં પંખીઓને વસવા અને વધવા દેવા માટે જરૂરી તકેદારીઓ વિશે ચોક્કસ માહિતગાર નહિ કરે. આથી, વન અને પર્યાવરણ વિભાગ તથા

(અનુસંધાન પાના નં. ૪)

# જંગલને જીવતું કરતા જાદુગર : નટુભા જેઠવા

"અહીં પહેલાં જંગલ જેવું હતું" કે "થોડાં જ વર્ષો પહેલાં તો સાંજે અહીંથી નીકળતાં ડર લાગે તેવો વેરાન ઝાડીવાળો રસ્તો હતો", એવાં વાક્યો આપણે વારંવાર બોલ્યાં કે સાંભળ્યાં હશે. પરંતુ અત્યારના ઝડપી શહેરીકરણ અને ઔદ્યોગિકરણના સમયમાં એવું સાંભળ્યું છે કે માત્ર છ-સાત વર્ષ પહેલાં તો અહીં એકેય ઝાડવું નહોતું આજે આખે આખું જંગલ ઊભું છે ! માન્યામાં ન આવે એવી પણ આ એક સત્ય ઘટના છે અને તેના સૂત્રધાર છે શ્રી નટુભા જેઠવા. નટુભાએ પંચમહાલ જિલ્લાના બાકોર ખાતે જંગલ જીવતું કર્યું છે.

સરકાર અને સ્થાનિક લોકોની બેકાળજીને પરિણામે બાકોર ખાતેનો જંગલ આચ્છાદિત વિસ્તાર સાવ સુકો અને વેરાન થઈ ગયેલો.





ઈ.સ. ૧૯૮૯



ઈ.સ. ૧૯૯૯

નટુભાના શબ્દોમાં કહીએ તો 'અહીં એકાદું ઝાડવું ઊગવાની પણ કોઈને આશા નહોતી, મેં કહ્યું મને એક તક આપો." જોત જોતામાં નટુભાએ અહીં સુંદર-વન ઊભું કરી દીધું. ઈ.સ. ૧૯૮૯-૯૦માં પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર- અમદાવાદે, બાકોરમાં સાત એકર વેરાન ભૂમિ વનીકરણ માટે લીધી. આજે અહીં સાગ, સાદડ, ખીજડો, દાવડા, કડાયા, ઈન્દ્રજવ, મિંઢોળી, આંબલી, ગોરસ-આંબલી, ટીમરૂ એમ ૩૫-૪૦ જાતના વૃક્ષો તથા ૨૫ જાતનાં ઘાસ ફૂલ્યા-ફાલ્યા છે. આ ઉપરાંત આર્થિક નફો કરાવે તેવાં ફળાઉ ઝાડ જેવાં કે આંબા, સીતાફળ, લીંબુ, બોરડી-બોરડાં અને ઔષધ આપતાં વૃક્ષો પણ એમણે ઉછેર્યા છે. આ વનવૈભવ બાબતે નટુભા કહે છે કે, "ધીમે ધીમે સ્થાનિક લોકોનો વિશ્વાસ સંપાદિત થતાં આ જમીન ઉપરનું નિંદામણ અને ચરામણ બંધ થયું અને જમીન સુરક્ષિત થઈ. અહીં પહેલા જંગલ તો હતું જ, આથી ભેજ સંઘરાતા જ ધરતીમાં જાણે જીવ આવ્યો ને ઝાડવાં ઊગી નીકળ્યા: હવે તો દર વર્ષે બીજ ભેગાં કરીએ છીએ અને ખાડો પણ ખોદ્યા વિના એમ નેમં એકાદો વરસાદ પડે કે તેને વેરી દઈએ."

નટુભાએ બાકોર પહેલાં પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર માટે બીજા બે સ્થળોએ આવાં જ સુંદરવન ઉભાં કર્યા છે. સૌ પ્રથમ અમદાવાદમાં સાપદર્શન માટે જાણીતું થયેલું જોધપુર ટેકરે આવેલું સુંદરવન અને બીજું બેટ (દ્વારકા) ખાતે દરિયાકિનારે ઊભું કરેલું સુંદરવન. કોરાકાટ થતા જતા ગુજરાતને ત્રણ ત્રણ સુંદરવન ભેટ આપનાર નટુભા લગભગ ૧૨-૧૩ વર્ષના હતા ત્યારે તેમના વતન પોરબંદરના કાંટેલા ગામથી પિતા સાથે અમદાવાદ આવેલા. પ્રથમ ગુરૂ પિતા સાથે રહી ઈસરો, પી.આર.એલ., આઈ.આઈ.એમ. અને સુંદરવનમાં વૃક્ષ ઉછેર શરૂ કર્યો. તેઓ કાંકરીયા ઝૂના તત્કાલીન સંરક્ષક સ્વ. ડૉ. રૂબીન ડેવિડને પોતાના ગુરૂ માને છે. પ્રકૃતિની સેવા માટે અત્યંત જરૂરી એવા ધીરજ અને તાદાત્મ્યના પાઠ તેઓ રૂબિન સાહેબ પાસેથી શીખ્યા. લગભગ ઈ.સ. ૧૯૬૧ થી ઈ.સ. ૧૯૮૯ સુધી અમદાવાદ જેવા શહેરમાં જુવાની ગાળી, છતાં તેમને શહેરનો મોહ થયો નથી. બાકોરના વનમાં તેમનું મન મળી ગયું છે અને એમના મન સાથે છે તેમનો સમગ્ર. પરિવાર. નટુભાના મતે જંગલો એ સ્થાનિક લોકો અને

વન્ય જીવો માટે જીવનસ્રોત છે.જો જન અને જંગલ વચ્ચેનો નાતો ગાઢ થાય તો દેશમાં સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ છલકે. જંગલો આજિવીકાનું સાધન બનતાં ગામડાં હિજરત થાય નહિ અને વધતા શહેરીકરણ સાથે થતી અનેક સમસ્યાઓ વધતી અટકે. વનરાજી વધતાં શુદ્ધ હવા-પાણી મળે જેથી સૌનું સ્વાસ્થ્ય પણ સુધરે. એનો સીધો પુરાવો મળે છે, શહેરમાંથી જંગલની મુલાકાતે આવતાં બાળકોમાંથી. માત્ર બે દિવસ માટે જંગલના સાનિધ્યમાં આવતા શહેરનાં બાળકો સાથે જમતાં, ચાલતાં, જોતાં અને મૌન રહેતાં શીખે છે. નટુભા કહે છે કે 'જંગલના સહવાસવાળા ગામનાં બાળકો વધુ ખડતલ અને શિસ્તવાળા હોય છે કારણ કે તેમને તાજાં હવા, પાણી અને શ્રમ મળી રહે છે. શહેરના બાળકોને ગમે તેવું "રીચ-ફૂડ" ખવડાવો, તોયે તે નબળાં જ રહે છે કારણ કે તેમનાં જીવન સાહજિક હોતાં નથી. નવી 'ફેશનવાળાં' ટેકનોલોજીના નામે મશીનો ઉપર આધારિત થતાં જાય છે અને પોતાના સ્વાસ્થ્ય અને પર્યાવરણ બંનેનું સત્યાનાશ વાળે છે.' પર્યાવરણના જતન માટે નટુભાને બાળકોમાં વિશ્વાસ છે. તેમના મતે જે સંસ્થાઓ બાળકોને જંગલના સાનિધ્યમાં લઈ જઈ સરળ રીતે પર્યાવરણનું જ્ઞાન આપે છે તેમને વધુ ને વધુ પ્રોત્સાહિત કરવા જોઈએ. નટુભા કહે છે કે "જંગલની સાચવણી એ ખૂબ કપરૂં કામ છે. આ કામ માત્ર મોટી મોટી મિટીંગો ભરીને કે ભાષણો કરીને નહિ થાય. વળી વનીકરણ અને નોકરીયાત વનસેવકોના કાયદા કરીને વર્ષો પહેલાં સરકારે ય ભૂલ કરી છે. જંગલ તો જતન માગતાં જીવોનો સમૂહ છે. કોઈ માતા બાળકની સવારે દસથી સાંજના સાત વાગ્યા સુધી જ દેખભાળ રાખે તો? રોજીના કાયદા વન વિભાગ કે વન સંરક્ષણ જેવા ક્ષેત્રો માટે ખરેખર ભૂલભરેલા છે. પ્રકૃતિની સેવા તો દિવસ-રાત માંગી લે. આથી જ સ્થાનિક લોકોને આ ક્ષેત્રોમાં જોડવા જરૂરી છે. તેઓને બળતણ, ચારો અને આજિવીકા મળી રહે અને જેમણે સો ઝાડ વાવ્યા - ઉછેર્યા હોય તે પાંચ કાપે તોય શું ?"

**જંગલ તો જતન માગતાં જીવોનો સમૂહ છે. કોઈ માત્તા બાળકની સવારે દસથી સાંજના સાત વાગ્યા સુધી જ દેખભાળ રાખે તો ?**

પર્યાવરણ જાળવણી માટે વન સંરક્ષણ અને પ્રદૂષણ અંગેના કાયદાઓ બાબતે તેઓ કહે છે, "કાયદાના કાવાદાવાથી ગામલોકો કંટાળ્યા છે. બીજી બાજુ આરક્ષિત વિસ્તારોની તદ્દન નજીક હોટેલો બનાવવાની જે પરવાનગી અપાય છે શું તે પર્યાવરણને હાનિ પહોંચાડતા કચરા નથી વધારતો ? ઉદ્યોગોની જ વાત કરોને ગમે ત્યાં ગમે તે પ્રકારના ઉદ્યોગો સ્થાપી પ્રદૂષણ વધારનારા સામે તો કાયદા સાવ બુઠ્ઠા નીવડ્યા છે. જંગલ એ જીવસૃષ્ટિના અસ્તિત્વનો પર્યાય છે પરંતુ તે વૃક્ષારોપણ કાર્યક્રમોથી કે કાયદાથી નહિ સચવાય. લોકોને તો માત્ર મોટી મોટી વાતો કરી સંસ્થાઓ સ્થાપી કેટલાક હજારોમાં થઈ શકે તેવા પર્યાવરણ પ્રોજેક્ટોના લાખો કેમ ઊભા થાય તેમાં જ રસ છે. ગુજરાતમાં દરિયાકિનારો હોય કે રણ મને કહો બાકોરમાં બેઠા હું ઝાડવાં ઉગાડી આપીશ. મારી પાસે કામ કરવાની વાત કરો !

બાકોરનું સુંદરવન એમનું જીવન છે. એવું જીવન જેણે 'મન હોય તો માળવે જવાય' જેવી કહેવત સાર્થક કરી બતાવી છે. એમની ઈચ્છા છે પર્યાવરણ ક્ષેત્રે જીવન હોમનારા યુવાનો તૈયાર કરવાની ! નટુભાએ આ પડકાર ફેંક્યો છે આપણી સામે.

## લાલબત્તી


- ★ *ઓક્ટોબર-૧૯૯૯ના અંતમાં લગભગ દસ લાખથી વધુ યાત્રિકોએ ગિરનારની પરિક્રમામાં ભાગ લીધો. જેમાં ગિરનારની તળેટીમાં આવેલા ઝીણાબાવાની મઢીની શરૂ કરી લગભગ ૮,૭૮.૦૦૦ લોકો માળવેલા નળપાણી થઈ બોરદેવી સ્થાને પહોચ્યાં. સમગ્ર દાયકામાં સૌ પ્રથમવાર એક સાથે આટલી મોટી સંખ્યામાં લોકોએ ગિરનારને પગ તળે આણ્યો.*
- ★ *દર વર્ષે ૨ લાખ ૫૦ હજાર જાત્રાળુઓ ધાર્મિક ભાવનાથી પ્રેરાઈને અને ૨૫,૦૦૦થી વધારે પર્વતારોહકો ગંગોત્રીના મૂળ ધરાવતા પહાડો સર કરવા હિમાલયનો ખોળો ખૂંદે છે.*
- ★ *૩૧ ડિસે. ૧૯૯૯ના રોજ શતાબ્દિ અને સહસ્રાબ્દિની એક સામટી ઉજવણી કરવા તથા ૨૧મી સદીનો પ્રથમ સૂર્યોદય જોવા દેશ-વિદેશના લોકો દૂર દૂરના સ્થળોએ પહોંચવા લાગ્યા છે. ૨૧મી સદી "ગોલ્ડન એજ ઓફ ટુરીઝમ તરીકે ઓળખાશે, તથા વિશ્વભરમાં લગભગ ૩૩૮ મિલિયન લોકો ટુરીઝમ સાથે સંકળાશે.*

# વણખેડાયેલું ક્ષેત્ર : પર્યાવરણલક્ષી પર્યટન

શ્રી પ્રણવ ત્રિવેદી

'Eco-friendly Tourism' - એવા પ્રમાણમાં આ નવા શબ્દનો અર્થ વનવિસ્તારમાં 'કુદરતને અનુકૂળ' અથવા તો 'પર્યાવરણને અનુકૂળ' પર્યટન એવો થાય છે. કોઈ ચોક્કસ નામ કે ઓળખ વગર લગભગ બે ત્રણ દાયકાથી કેન્યા, ટાન્ઝાનીયા અને અમેરિકામાં આ પ્રકારે પર્યટન થઈ રહ્યું છે.

છેલ્લા કેટલાક વર્ષોથી વિશ્વસ્તરે વન્ય જીવસૃષ્ટિના સ્રોત એવા કુદરતી સ્થળોએ બિનખર્ચાળ છતાં સક્ષમ એવા આ પર્યાવરણને અનુકૂળ પર્યટનનું મહત્ત્વ સમજાયું છે. અત્યાર સુધી ભારતમાં પર્યટનનો ઉદ્દેશ માત્ર હરવું ફરવું એવો જ હતો. આથી બેરોકટોક પર્યટનની વિપરિત અસરોએ ઘણા પર્વતીય સ્થાનો જેવાં કે મસૂરી, મનાલી, દાર્જિલીંગ તથા આરક્ષિત સ્થાનો જેવા કે ગુજરાતનું નળ સરોવર અને ઉત્તર પ્રદેશના ગઢવાલ વિસ્તારમાં આવેલા નંદાદેવી રાષ્ટ્રીય ઉદ્યાનને વિનાશને આરે પહોંચાડ્યા છે. આ ઉપરાંત કેટલાક વનવિસ્તારોમાં સરકારના પર્યટન વિભાગ અને વન વિભાગ બંને દ્વારા કરાતા સંચાલનથી સર્જાયેલી આંતર માળખાકીય સમસ્યાઓ હજુ આજે પણ મોજૂદ છે. આરક્ષિત વિસ્તારોમાં પર્યટનને કારણે થતી નાણાંકીય આવક સીધેસીધી રાજ્યની તિજોરીમાં જમા થાય છે પરંતુ તેનો ઉપયોગ તે વિસ્તારના વિકાસ માટે કરાતો નથી. પરિણામે વન વિભાગના કર્મચારીઓ પર્યટન અને પર્યટકો પ્રત્યે ઉપેક્ષા અને ઉદાસીનતા સેવતા થઈ જાય છે.




*પ્રકૃતિના ખોળે નિરાંતની પળો*

આવી સમસ્યાઓની સહિયારી અસર, પર્યટન ઉદ્યોગના અવ્યવસ્થિત વિકાસ અને મોટા ભાગના વન વિસ્તારોની ઉપેક્ષીત હાલતમાં પ્રતિબિંબીત થાય છે. પર્યાવરણલક્ષી પર્યટન (ઈકો- ટુરીઝમ) નો વિચાર ઉદભવ્યા બાદ પર્યટનનો ઉદ્દેશ માત્ર મોજ-મજા પૂરતો મર્યાદિત હોતો નથી. હવે આ અંગેની જાગૃતિ અને જ્ઞાનના ફેલાવાને વધુ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. વિષુવવૃત્તના દેશો વિશ્વના ત્રીજા ભાગનું જૈવિક વૈવિધ્ય ધરાવે છે અને તેથી પર્યાવરણલક્ષી પર્યટનના વિકાસ માટે બહોળી શક્યતા ધરાવે છે. સાથેસાથે તેમાંના ઘણા વિકાસશીલ દેશો હોવાથી આ ક્ષેત્રે થનાર વિદેશી હુંડિયામણની કમાણીથી તેમનાં આર્થિક પાસાને જબરજસ્ત વેગ પણ મળી શકે. સુઆયોજિત પર્યાવરણલક્ષી પર્યટન કેટલું વધુ વિદેશી હુંડિયામણ કમાવી આપે છે. તેનું ઉત્તમ ઉદાહરણ 'નેપાળ' છે. પર્યાવરણલક્ષી પર્યટનના વ્યવસાય દ્વારા કેન્યા જેવા દેશે પોતાનું ભાવિ ઉજળું બનાવ્યું છે. કેન્યા તેની વિદેશી હુંડિયામણની કુલ કમાણીમાંથી પાંચમા ભાગની કમાણી પર્યાવરણલક્ષી પર્યટનમાંથી જ કમાય છે. આનાથી બેવડો હેતુ સરે છે. પૈસા પણ રળી શકાય છે તથા કુદરતી વિસ્તારના નિભાવ અને વિકાસ માટે લોકોનો સહયોગ પણ સાંકળી શકાય છે. આ રીતે લાંબાગાળે વન્યજીવોના સંરક્ષણમાં ફાયદો થાય છે.

જોકે આ માટે દેશમાં સુઆયોજિત સક્ષમ પર્યાવરણલક્ષી પર્યટનનું માળખું હોવું જરૂરી છે. કોઈપણ પ્રકારની લાંબાગાળાની પર્યાવરણલક્ષી પર્યટન પ્રવૃત્તિનું આયોજન કરતા સમયે માળખાકીય સુવિધા માટે સંસ્થા, પર્યાવરણ સક્ષમતા, સ્થાનિક સંસાધનોનો ઉપયોગ તથા સ્થાનિક લોકોનો સમાવેશ વગેરે ખાસ ધ્યાનમાં રાખવા જેવી મહત્ત્વની બાબતો છે. આરક્ષિત વિસ્તારોનો જો વારાફરતી ઉપયોગ કરાય તો તેનાથી કેટલાક આરક્ષિત વિસ્તારોને રાહત મળશે તથા તેમને પર્યટનની અતિશય ચહલપહલમાંથી તાજા થવા માટેનો પૂરતો સમય પણ

આવશે. કેટલાક આરક્ષિત વિસ્તારોની આ પ્રવૃત્તિ માટેની સક્ષમતા સુનિશ્ચિત કરવી પણ અત્યંત આવશ્યક છે. જ્યાં વન્યજીવોના સંરક્ષણ બાબતે લોકો નહિવત્ સભાનતા ધરાવે છે તથા જેમને સામાજિક-સાંસ્કૃતિક સંવેદનાઓ વન્યજીવોનો સીધો ભોગ લેતા રોકે છે તેવા ભારત દેશમાં તો વન્ય જીવોના સંરક્ષણની પ્રક્રિયાને વધુ મજબૂત કરવા પર્યાવરણલક્ષી પર્યટન ખૂબજ યોગ્ય પુરવાર થઈ શકે તેમ છે. ★

## ગુજરાત રાજ્યમાં આવેલા અભ્યારણ્યો તથા પ્રકૃતિ ઉદ્યાનો



૧. નળસરોવર પક્ષી અભ્યારણ્ય, સુરેન્દ્રનગર જિલ્લો
૨. થોળ પક્ષી અભ્યારણ્ય, મહેસાણા જિલ્લો
૩. જેસૌર રીંછ અભ્યારણ્ય, બનાસકાંઠા જિલ્લો
૪. રતનમહાલ રીંછ અભ્યારણ્ય, પંચમહાલ જિલ્લો
૫. નારાયણસરોવર ચિંકારા અભ્યારણ્ય, કચ્છ જિલ્લો
૬. ઘુડખર અભ્યારણ્ય, કચ્છ જિલ્લો
૭. ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભ્યારણ્ય, જૂનાગઢ જિલ્લો
૮. રાષ્ટ્રીય સમુદ્રી ઉદ્યાન અને અભ્યારણ્ય, જામનગર જિલ્લો
૯. વેરાવદર કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન, ભાવનગર જિલ્લો
૧૦. ખીજડીયા પક્ષી અભ્યારણ્ય, જામનગર જિલ્લો
૧૧. હીંગોળગઢ પ્રકૃતિ શિક્ષણ અભ્યારણ્ય, રાજકોટ જિલ્લો
૧૨. વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન, વલસાડ જિલ્લો
૧૩. પુરના વન્યજીવ અભ્યારણ્ય, ડાંગ જિલ્લો
૧૪. સુરપાણેશ્વર વન્યજીવ અભ્યારણ્ય, ભરૂચ જિલ્લો

## કુદરતના ખોળે જતાં આટલું ધ્યાન અવશ્ય રાખીએ

★ *પ્રાકૃતિક ઉદ્યાનો કે અભ્યારણ્યોની મુલાકાતે વધારે પડતી આશા-અપેક્ષા સાથે ક્યારેય ન જાવ તો જ નિરાશ નહિ થાવ. જે કંઈ જોવા મળે તેનો પૂરતો આનંદ લો.*

★ *આ અભ્યારણ્યો વન્યજીવો માટે જ ખાસ બનાવવામા આવેલા છે. આથી વન્યજીવોનો આદર કરતા શીખો અને જો તમે વાહનમાં સવાર હો તો પહેલાં તેમને રસ્તો આપો.*

★ *પ્રકૃતિના વૈભવથી ભરપૂર સ્થળોએ હંમેશા આંખ અને કાન ખુલ્લા રાખો, મોં બંધ રાખો. આથી ધાયા કરતાં વધુ જોવા મળશે.*

★ *આવા સ્થળોની મુલાકાતે જતાં પર્યાવરણમાં ભળી જાય તેવા વસ્ત્રો પહેરો. ખાખી અને લીલો રંગ આવા પર્યટન માટે આદર્શ રંગો છે.*

★ *વન્ય જીવોનો શિકાર કરવા કરતાં તેને કેમેરામાં કેદ કરો. વન્ય જીવોનો શિકાર સજાપાત્ર ગૂનો છે.*

★ *અભ્યારણ્યોમાં કચરો નાંખી તેને પ્રદૂષિત કરો નહિ. તેને સ્વચ્છ રાખવા બનતા તમામ પ્રયત્નો કરો.*

★ *સિંહ, વાઘ, દીપડા, હાથી અને ગેંડા જેવા ખતરનાક જાનવરોથી સુરક્ષિત અંતર રાખો.*

★ *સ્થાનિક લોકોનો માર્ગદર્શકો તરીકે પૂરતો ઉપયોગ કરો, કારણ કે તેઓ જ આ વિસ્તારો તથા તેના ઉત્તમ વનવૈભવના જાણકાર હોય છે.*

★ *અભ્યારણ્યમાં તમે જોયેલા પશુ-પંખીઓની યાદી બનાવો. આ યાદી તમને તમારા બે પ્રવાસો અને જુદા જુદા બે વિસ્તારોની સરખામણી કરવામા મદદરૂપ થશે.*

★ *અને છેલ્લે ... આરક્ષિત અભ્યારણ્યોમાંથી સુંદર સ્મૃતિઓ સિવાય સાથે કશું જ ન લાવશો તથા કશું જ છોડીને ન આવશો.*

***સૌજન્ય : વિશ્વ પ્રકૃતિનિધિ - ભારત***

# આપણી આસપાસ : પર્યાવરણલક્ષી ખાસ ખાસ...

## પ્રદૂષણનો ખતરો ઓછો કરતો અખતરો

અમદાવાદના નરોડા ખાતેના ચાર ઔદ્યોગિક એકમોએ ઔદ્યોગિક કચરા ઉપર ઈન્ડસ્ટ્રીયલ સિમ્બાયોસિસના અખતરાને સફળતાપૂર્વક પાર પાડી સમગ્ર દેશને ઓછા પ્રદૂષણ સાથે ઔદ્યોગિક વિકાસ સાધવાનો રાહ ચીંધ્યો છે. તાજેતરમાં કન્ફેડરેશન ઓફ ઈન્ડીયન ઈન્ડસ્ટ્રીઝ (સીઆઈઆઈ) દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર સીઆઈઆઈ, આઈઆઈએમ તથા જીનિવા સ્થિત આઈકાસ્ટના સહયોગથી યોજાયેલા એક રાષ્ટ્રીય વર્કશોપના અંતે નરોડા ખાતે આ અખતરો કરવામાં આવ્યો હતો જેનો મુળ ઉદેશ સ્વચ્છ ઉત્પાદન અને ઓછું પ્રદૂષણ થાય તે હતો. આ પ્રયોગમાં સામેલ થયેલા એકમો રોજના ૧૫ હજાર એને વર્ષના ૫૪ લાખ રૂપિયાની બચત કરી શકે છે. ખાસ ફાયદો તો એ છે કે ઉદ્યોગોમાંથી નીકળતા પ્રદૂષણ ફેલાવતા સ્પેન્ટ એસિડની સાથે આયર્ન વેસ્ટનો ઉપયોગ કરી ફેરસ સલ્ફેટનું ઉત્પાદન કરાતાં તેનો ઉપયોગ કાચા માલ તરીકે થઈ શકે છે, નિયમિત કાચોમાલ ઉપલબ્ધ કરી શકાય છે તથા પ્રદૂષણની સમસ્યા હળવી બને છે. સીઆઈઆઈના અધ્યક્ષ શ્રી સુનિલ પારેખે જણાવ્યું હતું કે આ પ્રયોગ જર્મનીની યુનિ. ઓફ કૈસરસ્લોટર્નના શ્રી માર્ટિન વિન્ડરીનની દેખરેખ હેઠળ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટમાં એકબીજા પર નિર્ભર રહેતા ઔદ્યોગિક એકમોને જોડવાનું આયોજન પણ કરાશે. ગુજરાતભરની ઓદ્યૌગિક વસાહતોનું મેપિંગ કરી આપવા સ્પેસ એપ્લીકેશન સેન્ટરે (સેક) તૈયારી દર્શાવી છે.

## મોર મોર આવજે .....

અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા વનવિભાગના વનચેતના કેન્દ્ર ખાતે તાજેતરમાં વનમંત્રી શ્રી કાનજીભાઈ પટેલ દ્વારા ખુલ્લા મુકાયેલા મોર ઉછેર કેન્દ્રમાં શહેરના વિવિધ વિસ્તારોમાં વસતા મોરનાં ઘણીવાર વિખૂટા પડતા બચ્ચાંઓને સુરક્ષિત રખાશે તથા તેનો ઉછેર કરાશે.

શહેરોમાં મોરના અસ્તિત્વ સામે ઊભા થયેલા ખતરાનો અભ્યાસ કરવા ઈ.સ. ૧૯૯૮માં રાજ્ય સરકારના વનવિભાગ અને બીજી બે બિનસરકારી સંસ્થાઓ, પ્રકૃતિ તથા વિશ્વ પ્રકૃતિનિધિ- ભારતની અમદાવાદ શાખા દ્વારા શહેરમાં મોર-ઢેલની ગણતરી હાથ ધરવામાં આવેલી. જેમાં અમદાવાદમાં લગભગ ૧૫૦૦ મોર-ઢેલ હોવાનું જણાયેલું. આ સાથે તેના રહેવાસ અંગે અભ્યાસ કરાયેલો જેના સુફળરૂપે તાજેતરમાં મોર ઉછેર કેન્દ્ર ખુલ્લું મુકવામાં આવ્યું છે. આ સાથે વનચેતના કેન્દ્રમાં વનકેડી, તસવીર પ્રદર્શન, વૃક્ષોની ઓળખ તથા પ્રકૃતિ શિક્ષણ જેવી અનેક પ્રવૃત્તિઓ હાથ ધરાશે.

(માહિતી સ્રોત- સંદેશ)

## વિશ્વ પ્રકૃતિનિધિ - ભારત
## અમદાવાદ શાખાની પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ

### યોજાયેલા કાર્યક્રમો

*તા. ૨૦ ઓક્ટો. થી તા. ૨૫ ઓક્ટો. દરમ્યાન અમદાવાદની બે શાળાઓના ધો-૫, ધો-૮ અને ધો-૯ના લગભગ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પર્યાવરણ શિક્ષણ શિબિરમાં ભાગ લીધો. એક મહિના બાદ તા. ૨૯ નવે.ના રોજ ઉપરોક્ત શિબિરના ધો-૮,૯ના વિદ્યાર્થીઓમાં શિબિર બાદ આવેલા 'જીવનશૈલીમાં બદલાવ' અંગેની પરિચર્યા યોજી. પર્યાવરણને ઓછી હાનિ પહોંચે તથા ઉત્તરોત્તર ફાયદો થાય એવી જીવનશૈલી અપનાવવા તરફ પ્રેરાયેલા વિદ્યાર્થીઓ સાથે અનુભવોની આપ-લે કરવામાં આવી.*

### યોજાનારા કાર્યક્રમો

*જાન્યુ-ફેબ્રુ-૨૦૦૦માં જાંબુઘોડા (જિ. પંચમહાલ) ખાતે યોજાનારી પર્યાવરણ શિક્ષણ શિબિરોમાં લગભગ ૨૦૦ જેટલા જુદી જુદી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ ભાગ લેશે. જેની તારીખો આ મુજબ છે. જાન્યુઆરી તા. ૯ થી તા. ૧૧, તા. ૧૧ થી તા.૧૪, તા. ૨૧ થી તા. ૨૨, તા. ૨૩ થી તા. ૨૫, તા. ૨૫ થી ૨૭, તા. ૩૧ થી તા. ૨ ફેબ્રુઆરી અને તા. ૨ ફેબ્રુ. થી તા. ૫ ફેબ્રુ. ૨૦૦૦.*

*તા. ૨૮ થી ૩૦ જાન્યુ.ના ત્રણ દિવસ, બે રાત માટે દસ વર્ષથી ઉપરની વયના તમામને જાંબુઘોડા વન્યજીવ અભ્યારણ્ય ખાતે પ્રકૃતિનું સાનિધ્ય પામવાની તક આપતો કેમ્પ યોજાશે. વધુ વિગત માટે ફોન નં. ૬૭૪૮૦૯૭ પર સંપર્ક કરી શકાશે.*

*નોંધ : વિશ્વ પ્રકૃતિ નિધિ- ભારતની અમદાવાદ શાખાએ 'પર્યાવરણ સંત્રી'નો ફેલાવો વધારવા તેની ૨૦૦ નકલો ખરીદી સંસ્થાના સભ્યોને પહોંચાડવાનો નિર્ણય કરી અમને પાયાની સહાય પૂરી પાડી છે. જેના બદલામાં હવેથી તેમની વિવિધ પ્રવૃત્તિઓનો નિયમિત રીતે અહીં ઉલ્લેખ કરવામાં આવશે.*


પ્રકૃતિનું જતન કરીએ
૨૧મી સદીમાં પ્રવાસ હરિયાળો બનાવીએ

**શ્રી સ્વામિનારાયણ ટ્રાવેલ્સ**

| ભૂજ : | અમદાવાદ : |
|---|---|
| છઠ્ઠી બારી, એસ.ટી. સ્ટેન્ડની સામે, | અનિલકુંજ શોપીંગ સેન્ટર |
| ભૂજ-કચ્છ | પાલડી ચાર રસ્તા, અમદાવાદ. |
| ફોન નં. ૨૩૦૮૮, ૫૪૩૧૩ | ફોન નં. ૬૫૭૬૫૪૪, ૬૫૭૯૯૧૧ |

# પર્યાવરણ સંત્રી

## કાવ્યમાં કુદરત

અમે વાદળ વાવ્યાં ને ઊગી વારતા
તડકાઓ સીમાડે છાંયડા ચરાવતા
ડુંગરાઓ આઘેથી સુંવાળા લાગતા
ટેકરીઓ ભાળીને બાહુ લંબાવતા
કાળા ડિબાંગ મેઘ સાંજે અંધારતા
આઘા મલક પછી પડખામાં આવતા
વરણાગી બાવળ પણ સૂરજ પ્રગટાવતા
ફૂલોની પાલખીથી જળને શણગારતા
કાબરને કાગડાએ માંડી છે વારતા
ચકલીને ચાડિયાઓ 'બિચારા' લાગતા
શેઢાઓ ચૂપચાપ ધારણાઓ ધારતા
વાયરાઓ વગડામાં વેળા ફરકાવતા
આભેથી દેવલોક અંધારા વાવતા
આગિયાથી ઝાડવાં સંજીવની લાગતા
ખોરડાંઓ ખોબામાં દીવા સળગાવતાં
ઊછીનાં તેજ લેવા તારાઓ આવતા

- શ્રી મણિલાલ હ. પટેલ

## આપની જાણ માટે

★ પર્યાવરણ સંત્રી દ્વિમાસિક છે.

★ આ સામયિક ફેબ્રુઆરી એપ્રિલ, જૂન, ઓગસ્ટ, ઓક્ટોબર અને ડિસેમ્બર માસની ૨૫મી તારીખે પ્રસિદ્ધ થશે.

★ લવાજમ તથા શુભેચ્છા ફાળો તંત્રી, પર્યાવરણ સંત્રીના નામે મનીઓર્ડર કે ચેક દ્વારા સ્વીકારવામાં આવે છે. મનીઓર્ડર ફોર્મમાં સંદેશા માટેની જગ્યામાં પૂરૂ નામ, સરનામું પીનકોડ સહીત લખવું.

★ આ સામયિક પર્યાવરણ સંબંધી હોવાથી તે વિષયને લગતા અનુવાદો અભ્યાસ લેખો, સમાચાર, પ્રવૃત્તિ, વ્યક્તિવિશેષ કે સંસ્થાના પરિચય અથવા તો પ્રતિભાવો અને ફોટોગ્રાફ આવકાર્ય છે.

દ્વિમાસિક

ડિસેમ્બર-૯૯

રવાના :
તંત્રી, પર્યાવરણ સંત્રી,
૩૩, નિહારીકા બંગલોઝ,
હિમતલાલ પાર્ક,
આંબાવાડી,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.

**BOOK- POST**

**To,**

મુદ્રક, પ્રકાશક અને માલિક, યાત્રી બક્ષીએ ગંગોત્રી ઓફસેટ, ૧૬, અજય એસ્ટેટ, દૂધેશ્વર રોડ અમદાવાદ ખાતે છાપી, ૩૩, નિહારીકા બંગલોઝ, આંબાવાડી, અમદાવાદ-૧૫થી પ્રસિદ્ધ કર્યું.